| કુલ ગુણ | 100 |
|---|---|

# PAPER - 3

**ગુ.શિ.સેવા(વ.શા.)વર્ગ-૨ માંથી ગુ.શિ.સેવા (વ.શા)વર્ગ-૧માં બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા-ઓક્ટોબર-૨૦૨૪**

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**PAPER-3**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું(Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

## રફ કામ માટેનું પેઈજ

(1) NCERT હેઠળ દેશમાં Regional Institute of Education (RIE) નામની સંસ્થાઓ આવેલી છે. RIE અને તેના સ્થાનના સંદર્ભમાં શું ખોટું છે ?

(A) Regional Institute of Education (RIE), Ajmer

(B) Regional Institute of Education (RIE), Bhubaneswar

(C) North - East Regional Institute of Education (NERIE), Shillong

(D) Regional Institute of Education (RIE), Mumbai

(2) તે NCERT ની ICT પહેલ નથી.

(A) Cyber Safety and Security
(B) e-PG Pathshala
(C) DIKSHA
(D) NISHTHA

(3) National Institute of Educational Planning and Management નીચેનામાંથી કયો દરજ્જો ધરાવે છે ?

(A) સેન્ટ્રલ યુનિવર્સિટી
(B) ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
(C) સ્ટેટ યુનિવર્સિટી
(D) સ્ટેન્ડ અલોન ઇન્સ્ટીટ્યુટ

(4) NCTE ની સ્થાપના કયા એક્ટ અંતર્ગત કરવામાં આવી છે ?

(A) National Council for Teacher Education Act, 1991

(B) National Council for Teacher Education Act, 1993

(C) National Council for Teacher Education Act, 1995

(D) National Council for Teacher Education Act, 1997

(5) NAAC નું વડુમથક ક્યાં આવેલું છે ?

(A) ન્યુ દિલ્હી
(B) મુંબઈ
(C) પુણે
(D) બેંગલુરુ

(6) NAAC દ્વારા એક કોલેજને 3.55 CGPA આપવામાં આવે છે. આ કોલેજને કયો ગ્રેડ મળશે ?

(A) A ++
(B) A +
(C) A
(D) B ++

(7) ખેલે ભી ઔર ખીલે ભી - અંતર્ગત ઓગસ્ટ 2023 માં આવેલ સ્પોર્ટ્સ ગ્રાન્ટ સંબંધિત સંશોધિત ગાઈડલાઇન અનુસાર ધોરણ 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટેના રમતના સાધનોની ખરીદી માટે કેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ થશે ?

(A) રૂા. 10,000
(B) રૂા. 15,000
(C) રૂા. 20,000
(D) રૂા. 50,000

(8) કયો ઉમેદવાર NMMS પરીક્ષા માટે પાત્રતા ધરાવે છે ?

(A) જવાહર નવોદય શાળામાં ભણતો વિદ્યાર્થી જેના વાલીની મહત્તમ વાર્ષિક આવક રૂા. 3,00,00 છે.

(B) લોકલ બોડીની શાળામાં ભણતો વિદ્યાર્થી જેના વાલીની મહત્તમ વાર્ષિક આવક રૂા. 3,50,000 છે.

(C) ખાનગી શાળામાં ભણતો વિદ્યાર્થી જેના વાલીની વાર્ષિક આવક રૂા. 3,50,000 કરતા ઓછી છે.

(D) સરકારી શાળામાં ભણતો વિદ્યાર્થી જેના વાલીની મહત્તમ વાર્ષિક આવક રૂા. 3,55,000 છે.

(9) New India Literacy Programme માં લક્ષ્યજૂથ કોણ છે ?

(A) 15 વર્ષ અને તેથી વધુ વય ધરાવતી વ્યક્તિઓ

(B) 18 વર્ષ અને તેથી વધુ વય ધરાવતી વ્યક્તિઓ

(C) 21 વર્ષ અને તેથી વધુ વય ધરાવતી વ્યક્તિઓ

(D) 25 વર્ષ અને તેથી વધુ વય ધરાવતી વ્યક્તિઓ

(10) ડિજિટલ સાક્ષરતા (Digital Literacy) નો સમાવેશ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ મુખ્ય ઘટકો પૈકીના કયા ઘટકમાં થાય છે ?

(A) Foundational Literacy and Numeracy

(B) Critical Life Skills

(C) Basic Education

(D) Vocational Education

(11) એક ઉમેદવાર વર્ષ 2023 માં TET-2 પરીક્ષા ઉત્તીર્ણ કરે છે. આ પરીક્ષાના પ્રમાણપત્રની અવધિ ક્યાં સુધીની રહેશે ?

(A) પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ નવી TET-2 પરીક્ષા લેવાય ત્યાં સુધી

(B) પ્રમાણપત્ર ઈશ્યુ થયેથી પાંચ વર્ષ સુધી

(C) NEP 2020 અનુસાર NCTE દ્વારા TET-2 પરીક્ષા માટે નવું માળખું સૂચવવામાં આવે ત્યાં સુધી

(D) B અને C બંને માંથી જે વહેલું હોય ત્યાં સુધી

(12) ATD પરીક્ષામાં બેસવા માટે ઉમેદવારની કામના દિવસોની કેટલા દિવસની હાજરી હોવી ફરજિયાત છે ?

(A) 150 (B) 180 (C) 190 (D) 200

(13) એક બાળકની ઉંમર 16 વર્ષ 5 માસ છે. જે આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન છે. તો તેના આગળના શિક્ષણ માટે નીચે પૈકી કઈ પ્રક્રિયા હાથ ધરશો ?

(A) STP વર્ગમાં નામાંકન (B) NIOS / GSOS માં રજીસ્ટ્રેશન

(C) ઉંમર મુજબના ધોરણમાં પ્રવેશ (D) વૉકેશનલ સ્કૂલમાં રજીસ્ટ્રેશન

(14) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી D.P.S.E. પરીક્ષામાં D એટલે Diploma અને E એટલે Education હોય તો P અને S એટલે શું ?

(A) P - Pre School, S - Skills (B) P - Pre, S - School

(C) P - Primary, S - School (D) P - Public, S - Service

(15) Gujarat State Open School (GSOS) બાળકોને ઉંમર, સમય અને સ્થળના બાધ વિના અધુરું શિક્ષણ પૂર્ણ કરવાની તક આપે છે. રાષ્ટ્ર કક્ષાએ આવી કઈ સંસ્થા છે ?

(A) National Institute of Open Schooling (NIOS)

(B) National Organization for Open Schooling (NOOS)

(C) National Open School Institute (NOSI)

(D) National School for Open Schooling (NSOS)

(16) તે જિલ્લા કક્ષાએ GSOS ના અમલીકરણ માટેના નોડલ ઑફિસર છે.

(A) જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નિમાયેલા વર્ગ - 2 કક્ષાના અધિકારી

(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) જિલ્લા શિક્ષણાધિકારી

(D) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય

(17) NCF-TE કોણ તૈયાર કરે છે ?

(A) NCERT (B) NCTE

(C) NIEPA (D) NAAC

(18) પ્રાથમિક શિક્ષક નામનું સામયિક કોણ બહાર પાડે છે ?

(A) NCTE (B) NIEPA

(C) SCERT (D) NCERT

(19) સરસ (SARAS) પોર્ટલ નીચેનામાંથી કઈ સંસ્થા વહીવટી ઉપયોગમાં લે છે ?

(A) CBSE (B) NAAC

(C) GCERT (D) NIEPA

(20) CBSE ની પ્રાદેશિક કચેરી નીચેનામાંથી કઈ જગ્યાએ નથી ?

(A) દુબઈ (B) અજમેર

(C) અમદાવાદ (D) વિજયવાડા

(21) નીચેનામાંથી કયો ઉદ્દેશ NAAC નો નથી ?

(A) ઉચ્ચ શિક્ષણ માટે નવીન કૉલેજોને મંજૂરી આપવી

(B) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું મૂલ્યાંકન કરવું

(C) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે પ્રોત્સાહન આપવું

(D) ઉચ્ચ શિક્ષણમાં નવાચારને પ્રોત્સાહન પૂરું પાડવું

(22) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમના અમલીકરણ માટે કયા વિસ્તારને પ્રાથમિકતા આપવાની રહેશે નહીં ?

(A) કેન્દ્ર રાજ્યના સાક્ષરતા દર કરતા ઓછો સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓ

(B) માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સૂચિત કરેલ મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ

(C) 2011 ની વસ્તી ગણતરી મુજબ 60 % કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓ

(D) મોટા ભાગની અનુસૂચિત જાતિ, જનજાતિ અને લઘુમતી વસ્તી ધરાવતા તાલુકા જિલ્લાઓ

(23) "ULLAS" નું પૂરું નામ જણાવો.

(A) Understand of language learning for all society

(B) Universal long living advance scheme

(C) Universal language learning for all students

(D) Understanding of lifelong learning for all in society

(24) "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત નવા સાક્ષરોની પરીક્ષા સાથે કઈ સંસ્થા સંકળાયેલ નથી ?

(A) NIOS (B) NLMA

(C) SEB (D) GOV. School

(25) "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત કયું જીવન કૌશલ્ય શીખવવામાં આવતું નથી ?

(A) લેખન કૌશલ્ય (B) કાયદાકીય સાક્ષરતા

(C) નાણાકીય સાક્ષરતા (D) સાંસ્કૃતિક સાક્ષરતા

(26) ગુજરાત શાળા શિક્ષણ પરિષદ દ્વારા સર્વાંગી અને અનુકુલનશીલ અધ્યયન માટે કઈ એપ વિકસાવવામાં આવી છે ?

(A) ULLAS (B) G-Shala

(C) Shala Mitra (D) E-Shala

(27) NMMS અંતર્ગત ગુજરાત રાજ્યના કેટલા વિદ્યાર્થીઓ મેરીટમાં પસંદગી પામે છે ?

(A) 9750 (B) 7950

(C) 5097 (D) 5790

(28) મહેશભાઈ પોતાની દીકરીને એનએમએમએસની પરીક્ષા આપવા ઇચ્છે છે પરંતુ શાળાના આચાર્યશ્રી રજીસ્ટ્રેશન કરવાની ના પાડે છે તો આમ થવાનું કારણ શું હશે ?

(A) મહેશભાઈની વાર્ષિક આવક 3 લાખ 25 હજાર રૂપિયા છે.

(B) મહેશભાઈની દીકરી ધોરણ 7 ની વાર્ષિક પરીક્ષામાં 58 ટકા સાથે ઉત્તીર્ણ થયેલ છે.

(C) મહેશભાઈ ગુજરાત રાજ્યના વતની છે.

(D) મહેશભાઈની દીકરી ધોરણ 8 માં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરે છે.

(29) શારદા બહેન ધોરણ 8 ના વર્ગ શિક્ષિકા છે તેઓ પોતાના વિદ્યાર્થીઓને એનએમએમએસ પરીક્ષાની તૈયારી માટે ધોરણ 7 અને ધોરણ 8 ના કયા સાક્ષરી વિષયોની તૈયારી કરાવશે ?

(A) બૌદ્ધિક યોગ્યતા અને અંક ગણિત (B) ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી

(C) ગણિત, વિજ્ઞાન અને ગુજરાતી (D) ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન

(30) GSOS માં નીચેનામાંથી કયા વિદ્યાર્થીને ધોરણ 9 માં પ્રવેશ મળશે ?

(A) એક જુનના રોજ 13 વર્ષ પૂર્ણ કરનાર ભારતનું કોઈ પણ બાળક

(B) 11 જુનના રોજ 13 વર્ષ પૂર્ણ કરનાર તથા શાળામાં નિયમિત અભ્યાસ નહીં કરનાર ગુજરાતનું બાળક

(C) 1 જૂનના રોજ 14 વર્ષ પૂર્ણ કરનાર તથા શાળામાં નિયમિત અભ્યાસ નહીં કરનાર ભારતનું કોઈ પણ બાળક

(D) શાળામાં નિયમિત અભ્યાસ નહીં કરનાર 1 જૂન ના રોજ 13 વર્ષ પૂર્ણ કરેલ ગુજરાતના વિદ્યાર્થીને

(31) GSOS ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અર્થે સ્ટડી સેન્ટરની જોગવાઈ શું છે ?

(A) જે ગામમાં 10 થી વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જીએસઓએસમાં થતું હોય તે ગામની માધ્યમિક શાળા

(B) જે ગામમાં 10 થી વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જીએસઓએસમાં થતું હોય તે ગામની પ્રાથમિક શાળા

(C) જે તે તાલુકાની એક માધ્યમિક શાળા

(D) જે તે ગામમાં 10 થી ઓછા વિદ્યાર્થીઓવાળી માધ્યમિક અને પ્રાથમિક શાળા

(32) નીચે પૈકી કયો માપદંડ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાને લાગુ પડતો નથી ?

(A) વિદ્યાર્થી ધોરણ નવ અભ્યાસ ચાલુ હોવો જોઈએ.

(B) વિદ્યાર્થીએ ધોરણ આઠમાં 50 % કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈએ.

(C) માન્ય ખાનગી અનુદાનિત અને બિન અનુદાનિત શાળામાં ભણતા વિદ્યાર્થીઓ નિયત ફી ભરવાની હોય છે.

(D) વાલીની વાર્ષિક આવક 6 લાખ કરતા ઓછી હોવી જોઈએ.

(33) D.EL.ED પરીક્ષાનું જાહેરનામું કોની સહીથી બહાર બહાર પાડવામાં આવે છે ?

(A) સચિવ રાજ્ય પરીક્ષા બોર્ડ (B) નિયામક ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(C) અધ્યક્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ (D) સચિવ ઉચ્ચ શિક્ષણ ગાંધીનગર

(34) NIEPA ને NAAC દ્વારા થયેલ એક્રિડેશનમાં કયો ગ્રેડ પ્રાપ્ત થયેલ છે ?

(A) $A^+$ (B) A (C) B (D) $B^+$

(35) CBSE ના લોગોમાં કયો મંત્ર/સૂત્ર જોવા મળે છે ?

(A) असतो मा सङ्गमद (B) ज्ञानम जयति सवत्र

(C) सातम परमम् ध्येयम (D) पावका नः सरस्वती

(36) ભારત સરકાર દ્વારા કેટલા વર્ષ માટે "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અમલમાં મુકવામાં આવેલ છે ?

(A) ત્રણ (B) પાંચ (C) આઠ (D) દસ

(37) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉમેદવારના વાલીની આવક મર્યાદા શું છે ?

(A) 1,50,000 થી ઓછી (B) 2,50,00 થી ઓછી

(C) 3,50,000 થી ઓછી (D) આવક મર્યાદા લાગુ પડતી નથી.

(38) GSOS ખાતે નોંધાયેલ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે કોના દ્વારા ઉપલબ્ધ કરાયેલ ઈ-કન્ટેન્ટ પૂરું પાડવામાં આવશે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા

(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા

(C) ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા

(D) ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજી લિ. દ્વારા

(39) NCERT અંતર્ગત હાલમાં કેટલાં રિજીયોનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન કાર્યરત છે.

(A) 3 (B) 4 (C) 5 (D) 6

(40) NAS 2021 માં કયા ધોરણોનો સર્વે કરવામાં આવેલો ?

(A) 3, 5, 7, 8 (B) 3, 5, 8, 10

(C) 3, 8, 10, 12 (D) 3, 5, 9, 10

(41) ભારત સિવાય કેટલા દેશોમાં CBSE સાથે સંલગ્ન શાળાઓ આવેલી છે ?

(A) 5 (B) 10 (C) 28 (D) 25

(42) સમગ્ર શિક્ષા યોજના દ્વારા કયા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરવામાં આવે છે ?

(A) SDG - 1 (B) SDG - 4 (C) SDG - 8 (D) SDG - 6

(43) ગુજરાત રાજ્યમાં કુલ કેટલાં શૈક્ષણિક કલસ્ટર આવેલા છે ?

(A) 3,427 (B) 3,247 (C) 254 (D) 3,724

(44) વિદ્યા સમીક્ષા કેન્દ્રને કયો રાષ્ટ્રીય પુરસ્કાર મળેલો છે ?

(A) પી.એમ. એવૉર્ડ ફોર એક્સેલન્સ ઇન પબ્લીક એડમિનીસ્ટ્રેશન

(B) પી.એમ. એવોર્ડ ફોર ડીજીટલ ઇનોવેશન

(C) એજ્યુકેશન ઇનોવેશન એવૉર્ડ

(D) નેશનલ ઇ-ગવર્નન્સ એવૉર્ડ

(45) બાલવાટિકાથી ધોરણ - 2 માટે ત્રિભાષામાં તૈયાર કરવામાં આવેલી પુસ્તિકા કઈ છે ?

(A) અર્લીરિડર (B) મારી લેખન પોથી

(C) બોર્ડબુક (D) અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ

(46) KGBV ની સ્થાપનાના સંદર્ભમાં સાક્ષરતામાં જોવા મળતો જેન્ડર ગેપ કેવી રીતે એક માપદંડ બને છે ?

(A) આવો કોઈ માપદંડ નથી.

(B) જે વિસ્તારમાં સાક્ષરતામાં જોવા મળતો જેન્ડર ગેપ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ હોય તો ત્યાં KGBV ની સ્થાપના થઈ શકે.

(C) જે વિસ્તારમાં સાક્ષરતામાં જોવા મળતો જેન્ડર ગેપ રાજ્યની સરેરાશ કરતાં વધુ હોય તો ત્યાં KGBV ની સ્થાપના થઈ શકે.

(D) જે વિસ્તારમાં સાક્ષરતામાં જોવા મળતો જેન્ડર ગેપ જિલ્લાની સરેરાશ કરતાં વધુ હોય તો ત્યાં KGBV ની સ્થાપના થઈ શકે.

(47) વૉકેશનલ એજ્યુકેશન અંતર્ગત એક શાળા મહત્તમ કેટલા ટ્રેડ શરૂ કરી શકે છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(48) SDRMP નું પૂરું નામ જણાવો.

(A) સ્ટેટ ડિઝાસ્ટર રેપીડ મેનેજમેન્ટ પ્લાન (B) સ્કૂલ ડિઝાસ્ટર રેપીડ મેનેજમેન્ટ પ્લાન

(C) સ્ટેટ ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ પ્લાન (D) સ્કૂલ ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ પ્લાન

(49) PMSHRI યોજના અંતર્ગત શાળાઓને વિકસાવવા માટે કુલ કેટલા આધારસ્તંભ નક્કી કરવામાં આવે છે ?

(A) 3 (B) 5 (C) 6 (D) 7

(50) રાષ્ટ્રીય ઇન્ડીયન મિલીટરી કૉલેજ દહેરાદુનમાં પ્રવેશ માટેની પરીક્ષા કુલ કેટલા ગુણની યોજાય છે ?

(A) 200 (B) 450 (C) 500 (D) 150

(51) ગત વર્ષે ધોરણ 8 માં 40 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, જે પૈકી ધોરણ 9 માં 36 વિદ્યાર્થીઓ દાખલ / પ્રવેશ મેળવ્યો અને ગતવર્ષના 5 (પાંચ) રીપીટર વિદ્યાર્થીઓ મળીને કુલ 41 વિદ્યાર્થીઓ ધોરણ 9 માં અભ્યાસ કરે છે, તો ટ્રાન્ઝીશનરેટ (Transition Rate) કેટલો થાય ?

(A) 102.50 % (B) 77.50 % (C) 90.00 % (D) 102.85 %

(52) દર વર્ષે કેટલા નવા વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપનો લાભ મેળવશે ?

(A) 25,000 (B) 30,000 (C) 2,00,000 (D) 1,50,000

(53) રક્ષા શક્તિ સ્કૂલ્સનાં કુલ ઇન્ટેકનાં મહત્તમ કેટલા ટકા વિદ્યાર્થીઓ ખાનગી શાળામાં અભ્યાસ બાદ પ્રવેશ મેળવી શકે છે ?

(A) 25 % (B) 30 %

(C) 50 % (D) 100 %

(54) જ્ઞાન શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સનું રોજબરોજનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) શિક્ષણ વિભાગ, ગુજરાત (B) જિલ્લા શિક્ષણાધીકારી કચેરી

(C) સમગ્ર શિક્ષા કચેરી (D) પસંદગી પામેલ પ્રોજેક્ટ પાર્ટનર (શાળા સંચાલક) દ્વારા

(55) જ્ઞાન શક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ્સમાં શાળા સંચાલક દ્વારા કરાર આધારિત શિક્ષકોની નીમણૂક કરવા માટે કઈ પરિક્ષાનું મેરીટ ધ્યાનમાં લેવામાં આવે છે ?

(A) B.Ed. અથવા M.Ed. નાં માર્કસ (B) TET - 1 or 2

(C) TAT. (D) B.Ed. or M.ed + TET.

(56) કોઈ પણ શાળાનો U-DISE Code કેટલા આંકડાનો હોય છે ?

(A) 11 (B) 12 (C) 13 (D) 16

(57) UDISE નાં સંદર્ભમાં DCF શું છે ?

(A) ડેટા કલેકશન ફોર્મેટ (B) ડેટા કેપ્ચર ફોર્મેટ

(C) ડિસ્ટ્રીક્ટ કલેકશન ફોર્મ (D) ડેટા કલેકશન ફોર્મ

(58) UDISE + 2021-22નાં રિપોર્ટ અનુસાર સમગ્ર દેશમાં શાળાઓની કુલ સંખ્યા કેટલી હતી ?

(A) 14,98,115 (B) 14,11,985

(C) 14,89,115 (D) 14,19,815

(59) UDISE + બીજા કયા નામે પણ ઓળખાય છે ?

(A) SDMS (B) UDISE

(C) આધાર એનેબલ્ડ UDISE (D) SEMIS

(60) UDISE + 2021-22 નાં રિપોર્ટ અનુસાર ગુજરાતનો ધોરણ 1 થી 8 નો GER કેટલો હતો ?

(A) 92.1 (B) 92.4 (C) 93.4 (D) 90.7

(61) UDISE + 2021-22 નાં રિપોર્ટ મુજબ ધોરણ 1 થી 8 માં ગુજરાતનો કન્યાઓનો NER કેટલો હતો ?

(A) 82.4 (B) 84.3 (C) 84.1 (D) 90.1

(62) UDISE + 2021-22 નાં રિપોર્ટ અનુસાર ગુજરાતનો ધોરણ 1 થી 8 નો GPI (Gender Parity Index) કેટલો હતો ?

(A) 1.40 (B) 1.04 (C) 1.44 (D) 1.14

(63) UDISE + 2021-22 નાં રિપોર્ટ અનુસાર ગુજરાતનો અપર પ્રાયમરી ટુ સેકન્ડરી (ધો. 8 થી 9) નો ટ્રાન્ઝીશન રેટ શું હતો ?

(A) 98.8 (B) 86.5 (C) 69.8 (D) 102.2

(64) UDISE + 2021-22 નાં રિપોર્ટ મુજબ ગુજરાતનો પ્રાઈમરી (ધોરણ 1 થી 5) નો રિટેન્શન રેટ શું હતો ?

(A) 95.6 (B) 96.1

(C) 96.7 (D) 95.1

(65) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ 11 અને 12 ના મળી કુલ કેટલા રૂપિયાની સહાય આપવાની જોગવાઈ છે ?

(A) 35,000 (B) 25,000

(C) 50,000 (D) 40,000

(66) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થી અનુદાનિત કે સરકારી શાળામાં પ્રવેશ મેળવે તો તે શાળાઓને વિદ્યાર્થીદીઠ વાર્ષિક કેટલી રકમ મળશે ? (ધોરણ 6 થી 8 માં પ્રવેશ માટે)

(A) વિદ્યાર્થી દીઠ વાર્ષિક 3000 (B) વિદ્યાર્થી દીઠ વાર્ષિક 5000

(C) વિદ્યાર્થી દીઠ વાર્ષિક 2000 (D) શાળાને કોઈ રકમ નહિ મળે.

(67) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત મળનાર રકમ/નાણાકીય સહાયમાં વધારો કરવા રાજ્ય સરકાર દર કેટલા વર્ષે વિચારણા કરશે ?

(A) દર ત્રણ વરસે (B) દર પાંચ વરસે

(C) દર સાત વર્ષે (D) વિચારણાની જોગવાઈ નથી.

(68) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવા શાળાઓ માટે અપેક્ષિત જોગવાઈ શું છે ?

(A) છેલ્લા 3 વર્ષનું ધોરણ 10 અને 12 નું પરિણામ 80 % કરતા વધુ હોય.

(B) છેલ્લા 5 વર્ષનું ધોરણ 10 નું પરિણામ 80 % કરતાં વધુ હોય.

(C) છેલ્લા 5 વર્ષ પૈકી ઓછામાં ઓછા ત્રણ વર્ષનું ધોરણ 10નું બૉર્ડનું પરિણામ 80% કરતાં વધુ હોય.

(D) છેલ્લા 3 વર્ષનું ધોરણ 12 નું પરિણામ 80 % કરતા વધુ હોય.

(69) રાજ્યની સરકારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ માટે વિદ્યાર્થી દીઠ કેટલા રૂપિયા મળવાપાત્ર છે ?

(A) 1500 (B) 500 (C) 1800 (D) 3000

(70) સંસ્કૃત ભાષા, સાહિત્ય ભારતીય સંસ્કૃતિ અને તત્વચિંતનના સંવર્ધન હેતુ. સામાજિક સહભાગિતા દ્વારા રાજ્ય સરકારે કઈ યોજના અમલમાં મૂકેલ છે ?

(A) સંસ્કૃત સાધના (B) વદતુ સંસ્કૃતમ

(C) સંસ્કૃત સમર્પણ (D) સંસ્કૃત શક્તિ ગુરૂકુલ

(71) રક્ષા શક્તિ સ્કૂલ્સમાં પ્રતિવિદ્યાર્થી દીઠ કેટલી રકમ મળવા પાત્ર છે. (વાર્ષિક)

(A) 65,000 (B) 75,000

(C) 60,000 (D) 1,00,000

(72) સેન્ટ્રલ બ્યુરો ઑફ ટેક્સ્ટબુક રિસર્ચ સંસ્થાનું વિલીનીકરણ (merger) 1961 માં કઈ સંસ્થામાં થયુ ?

(A) NCERT (B) CIC

(C) UGC (D) SCERT

(73) ઉચ્ચ શિક્ષણની સંસ્થા એ NAAC દ્વારા Assessment અને Accreditation મેળવવાની અરજી સંદર્ભે માહિતી કયા પોર્ટલ પર અપલોડ કરવાની હોય છે ?

(A) AISHE (B) COGENT

(C) HSQAC (D) HEISA

(74) હાલ NCTE ના ચેરપર્સન કોણ છે ?

(A) અનિતા કરવાલ (B) પ્રો. શકલાણી

(C) પ્રો. પંકજ અરોરા (D) સ્વરૂપ સંપત

(75) એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત રાજ્યનું જોડાણ કયા રાજ્ય સાથે છે ?

(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર

(C) ઓરિસ્સા (D) છત્તીસગઢ

(76) ધોરણ 7 ની વિદ્યાર્થિનીનું ઘર કેટલા કિલોમીટરથી વધુ દૂર હોય તો તેને સમગ્ર શિક્ષાની ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળી શકે ?

(A) એક કિલોમીટર (B) બે કિલોમીટર

(C) ત્રણ કિલોમીટર (D) અડધો કિલોમીટર

(77) સમગ્ર શિક્ષા અંતર્ગત કયા વયજૂથના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવે છે ?

(A) 4 થી 12 વર્ષ (B) 6 થી 12 વર્ષ

(C) 4 થી 18 વર્ષ (D) 6 થી 18 વર્ષ

(78) શાળામાં અભ્યાસ કરતી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતી વિદ્યાર્થીનીને 40 ટકા વિકલાંગતા હોય તો તેને હાલમાં પ્રતિમાસ કેટલા રૂપિયા સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે ?

(A) 200 (B) 250

(C) 300 (D) 350

(79) રાણી લક્ષ્મીબાઈ આત્મ રક્ષા પ્રશિક્ષણ પ્રોગ્રામમાં કઈ સંસ્થા સાથે જોડાણ કરવામાં આવેલ છે ?

(A) યુનીસેફ (B) મહિલા અને બાળવિકાસ

(C) સમાજ સુરક્ષા (D) સુરક્ષા સેતુ સોસાયટી

(80) વર્લ્ડ બેંક ગ્રૂપના પ્રેસીડન્ટ દ્વારા VSK ની મુલાકાત લેવામાં આવેલ તેઓનું નામ શું છે ?

(A) સંજય ડોબરા (B) અજવીન્દર બંગર

(C) અજય બંગા (D) અજય જાડેજા

(81) રક્ષા શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલના અભ્યાસક્રમ નીતિ નિયમો એસ.ઓ.પી. વગેરે માટે શિક્ષણ વિભાગે ને કઈ સંસ્થા જરૂરી સહાય કરશે.

(A) સૈનિક સ્કૂલ બાલાચડી

(B) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી

(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(D) સમગ્ર શિક્ષા ગુજરાત રાજ્ય

(82) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના બાબતે નીચેનામાંથી ક્યું વિધાન ખરું નથી ?

(A) વિદ્યાર્થીને અન્ય કોઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવા પાત્ર રહેશે.

(B) કોઈ વિદ્યાર્થી એકથી વધારે પ્રયત્ને બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરે તેવા કિસ્સામાં બોર્ડની પરીક્ષા પૂર્ણ કરે ત્યારે સહાય મળવા પાત્ર રહેશે.

(C) જો કોઈ વિદ્યાર્થી અધવચ્ચેથી સાળા છોડી દે તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીને બાકીની સહાયની રકમ ચૂકવવાની નથી.

(D) જો કોઈ વિદ્યાર્થી અધવચ્ચેથી વિજ્ઞાન પ્રવાહ છોડી દે તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીને ચૂકવાયેલ સહાયની રકમ પરત લેવાની રહેશે.

(83) નમો લક્ષ્મી યોજનાનો મુખ્ય હેતુ નીચેનામાંથી કયો છે ?

(A) સરકારશ્રીના બેટી બચવો બેટી પઢાઓ અભિયાનને વેગ આપવો.

(B) ધોરણ 09 થી 12 માં અભ્યાસ કરતી કન્યાઓના શિક્ષણની સાથે સાથે તેમની માતાઓનું આર્થિક સશક્તિકરણ કરવું.

(C) ધોરણ 09 થી 12 માં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણની સાથે સાથે પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય.

(D) ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતી કન્યાઓના નામાંકન સ્વરક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણમાં તેમના નામાંકનની ભાગીદારી વધારવી.

(84) સ્કૂલ ઑફ એક્સેલન્સમાં એક્સેલન્સ સર્ટિફિકેટ માટે GSQAC સ્કોર ગ્રીનના કેટલા સ્ટારની જરૂરિયાત રહે છે.

(A) 1 સ્ટાર (B) 2 સ્ટાર

(C) 5 સ્ટાર (D) 3 સ્ટાર

(85) "GOAL" નું પૂરું નામ ક્યું છે ?

(A) Gujarat Outcomes of Accelerated Learning

(B) Global Outcomes of Accelerated Learning

(C) Gujarat Outcomes for Accelerated Learning

(D) Gujarat Outcomes for Actual Learning

(86) શાળામાં દર વર્ષે વિદ્યાર્થીઓની વિગતો UDISE + પર અપડેટ કરતી વખતે કઈ પ્રોફાઈલ ભરવાની થતી નથી ?

(A) Educational Profile (B) General Profile

(C) Enrolment Profile (D) Facility Profile

(87) EMIS ના વિકાસ બાબતે સાચો ક્રમ કયો છે ?

(A) DISE UDISE SEMIS UDISE+

(B) DISE UDISE UDISE+SEMIS

(C) SEMIS DISE UDISE UDISE+

(D) DISE, SEMIS, UDISE, UDISE+

(88) વિસનગર પ્રાથમિક શાળા નંબર 1 વિદ્યાર્થીઓની ધોરણ વાર સંખ્યા નીચે મુજબ છે.

ધોરણ - સંખ્યા

| | |
|---|---|
| ધો. 1 | 50 |
| ધો. 2 | 35 |
| ધો. 3 | 40 |
| ધો. 5 | 60 |
| ધો. 6 | 55 |
| ધો. 7 | 60 |
| ધો. 8 | 40 |

ઉક્ત શાળામાં આરટી 2009 નિયમ મુજબ મળવા પાત્ર મુજબના મહેકમ શિક્ષકો કાર્યરત છે તો શાળાનો PTR જણાવો ?

(A) 01:50.3
(B) 01.46.5
(C) 01:35.5
(D) 01:34.5

(89) કોઈ એક શાળામાં ધોરણ-1 માં અનુસૂચિત જાતિના બાળકોનો પ્રવેશીકરણ દર મેળવવા માટેનું સૂત્ર નીચેનામાંથી કયું છે ?

(A) t વર્ષમાં ધોરણ એકમાં એસસી બાળકોએ શાળામાં મેળવેલ પ્રવેશ *100
t વર્ષમાં છ વર્ષના બાળકોની કુલ વસ્તી

(B) t વર્ષમાં ધોરણ એકમાં SC બાળકોએ શાળામાં મેળવેલ પ્રવેશ *100
t વર્ષમાં છ વર્ષની ઉંમરના SC બાળકોની કુલ વસ્તી

(C) t વર્ષમાં ધોરણ એકમાં પ્રવેશ મેળવેલ બાળકોની સંખ્યા *100
t વર્ષમાં છ વર્ષના SC બાળકોની કુલ વસ્તી

(D) t વર્ષમાં ધોરણ એકમાં એસસી બાળકોએ શાળામાં મેળવેલ પ્રવેશ *100
t વર્ષમાં છ વર્ષની ઉંમરના SC કન્યાની કુલ વસ્તી

(90) ગુજરાતમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર વાર્ષિક અંદાજે કેટલા કરોડ ડેટા સેટ પર કાર્ય કરે છે ?

(A) 50 કરોડ
(B) 500 કરોડ
(C) 5000 કરોડ
(D) 10000 કરોડ

(91) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં જો વિદ્યાર્થીઓનું એક સરખું ગુણાંકન (મેરીટ) આવે તેવા કિસ્સામાં પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ નક્કી કરાની આખરી સત્તા કોની રહે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) કમિશનર શાળાઓની કચેરી
(C) સમગ્ર શિક્ષા કચેરી
(D) જીસીઈઆરટી

(92) પ્રારંભમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રના ચાર આધારસ્તંભ હતા. સમયની સાથે તેની સંખ્યામાં વધારો થયો છે. નીચેનામાંથી કયો વિદ્યા સમીક્ષા કેન્દ્રનો પાંચમો આધાર સ્તંભ છે ?

(A) Assessment
(B) Accreditation
(C) Adaptive learning
(D) Artificial Intelligence

(93) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના SAT વિભાગમાં કયા વિષય માટે 15 ગુણ ફાળવાયા છે ?

(A) વિજ્ઞાન
(B) ગણિત
(C) સામાજિક વિજ્ઞાન
(D) અંગ્રેજી

(94) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (CET) માટે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓએ કેટલી ફી ચૂકવવાની રહે છે ?

(A) રૂા. 50
(B) રૂા. 75
(C) રૂા. 100
(D) આ પરીક્ષા નિઃશુલ્ક છે.

(95) શિક્ષણ વિભાગના ઓક્ટોબર 2022 ના ઠરાવ અનુસાર રાજ્યમાં સ્થાપાનાર કુલ રક્ષાશક્તિ શાળાઓમાંથી કેટલા ટકા શાળાઓ વિદ્યાર્થિનીઓ માટે હશે ?

(A) 20 %
(B) 30 %
(C) 40 %
(D) 50 %

(96) જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ પ્રોજેક્ટ માટેની ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય સચિવ કોણ છે ?

(A) નિયામક, કમિશનર શાળાઓની કચેરી
(B) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા
(C) નિયામક, પ્રાથમિક શિક્ષણ પરિષદ
(D) નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ

(97) જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સમાં ગુણવત્તાના ઉચ્ચ ધોરણોને સુનિશ્ચિત કરવા કઈ સંસ્થા દ્વારા સમયાંતરે મૂલ્યાંકન કરવાની જોગવાઈ છે ?

(A) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ
(B) કમિશનર શાળાઓની કચેરી
(C) વિદ્યા સમીક્ષા કેન્દ્ર
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(98) મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત નિર્ધારિત લક્ષ્યાંકો ક્યાં સુધીમાં હાંસલ કરવાના છે ?

(A) 2029-30
(B) 2028-29
(C) 2027-28
(D) 2026-27

(99) UDISE + નું ડેશબોર્ડ જોવા કયાં વેબપેઇઝ પર જશો ?

(A) https://dashboard.udiseplus.gov.in
(B) https://dashboard.udise.gov.in
(C) https://udiseplus.dashboard.gov.in
(D) https://udise.dashboard.gov.in

(100) એક જિલ્લા માટે GER ની ગણતરી કરતા તે 100% કરતાં વધુ આવે છે. આવું શાં કારણે થયું હશે ?

(A) કારણ કે તેની ગણતરીમાં ધોરણને અનુરૂપ ચોક્કસ ઉંમર ધરાવતા બાળકોનો સમાવેશ થાય છે.
(B) કારણ કે તેની ગણતરીમાં over age અને under age બાળકોનો સમાવેશ થાય છે.
(C) કારણ કે તેની ગણતરીમાં કોઈ ચોક્કસ વિસ્તારના બાળકોનો સમાવેશ થાય છે.
(D) કારણ કે તેમાં પ્રથમ પ્રયત્ને પાસ થતાં બાળકોનો સમાવેશ થાય છે.

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL PAPER-3

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.